## હરિની દૃષ્ટિ...

- હરિન ભટ્ટ




જુની સરકારની જેમ અમે ગરીબી, બેકારી, બદહાલ કિસાન જેવા મુદ્દા ચર્ચીને જનતાને વધુ દુઃખી કરવા માંગતા નથી... અમે શાઈનીંગ ઈન્ડિયા... ગ્લીટરીંગ ઈન્ડિયા... ગોલ્ડન ઈન્ડિયાની વાતો કરી ખૂશ કરીશું...

# શું હોઈ શકે ટ્રાફિક-પાર્કિંગ સમસ્યાનો હલ ??

## મલ્ટીલેવલ પાર્કિંગ કોમ્પલેક્ષ કે વધુ સઘન જાહેર પરિવહન સેવા ?? ટ્રાફિક જાગૃતિ કાર્યક્રમો કે વ્હિકલ શેરીંગ ?? કાયદાનો કડક અમલ કે દબાણ હટાવ ઝુંબેશ ??

ગાંધીનગર, તા. ૧૦

''પ્લાસ્ટ ઈન્ડિયા'' એક્ઝિબીશન સાથે શહેરમાં ટ્રાફિક અને પાર્કિંગની સમસ્યાએ શહેરીજનોને તોબા પોકારાવી દીધી છે. પાટનગર જાણે પાર્કિંગ નગરમાં ફેરવાઈ ગયુ છે. આ સમસ્યાનો કાયમી ઉકેલ શોધવો અનિવાર્ય થઈ પડ્યો છે કારણ કે એક્ઝિબીશન સેન્ટર કાયમી ધોરણે બનાવાયુ છે. શહેરના નાગરિકોએ આ સમસ્યા નિવારવા મલ્ટીલેવલ પાર્કિંગ વિકસાવવાથી માંડીને દબાણો હટાવવા, ટ્રાફિક નિયમોનો ભંગ કરનારને દંડવા, પરિવહન સેવા વધુ સઘન બનાવવા, જાગૃતિ કાર્યક્રમો યોજવા સહિતના વિવિધ અભિપ્રાયો આપ્યાં છે જે તે માટે આ સમસ્યા ઝડપથી ઉકેલવા મદદરૂપ થઈ શકે તેવુ જણાય છે.

●●●



''ગાંધીનગરમાં વારંવાર યોજાતા વૈશ્વિક કાર્યક્રમોને પગલે આવતા મુલાકાતીઓને યોગ્ય ટ્રાફિક વ્યવસ્થા તરફ દોરી જવા માટે તંત્રએ પૂરતા પગલાં લેવા જોઈએ. આ સાથે વાહનચાલકોએ પાર્કિંગમાં સ્વયંશિસ્ત જાળવવી જરૂરી છે. શહેરની ટ્રાફિક સમસ્યા નિવારવા પબ્લિક ટ્રાન્સપોર્ટ સીસ્ટમ વધુ સઘન બનાવાય તેમજ શૈક્ષણિક અને સામાજિક સંસ્થાઓમાં ટ્રાફિક અંગે જાગૃતિ કાર્યક્રમો યોજવામાં આવે. આ સાથે ટ્રાફિકના નિયમોનું ઉલ્લંઘન કરનારને તંત્રએ કોઈપણ ભેદભાવ રાખ્યા વગર દંડવા જોઈએ.''

- ગૌતમ એન. પ્રજાપતિ


●●●



''શહેરના 'ચ' અને 'ઘ' માર્ગ પરના ડિવાઈડરના કટઆઉટ બંધ કરી દેવા જોઈએ. ટ્રાફિકના નિયમોનો ભંગ કરનારને ખચકાટ વગર દંડવા જોઈએ અને તે માટે પોલીસની સત્તા અને સલામતીમાં વધારો કરવો જોઈએ. રોડ પરના લારી-ગલ્લાનું દબાણ વધી જવા પામ્યું છે જે અકસ્માતને નોંતરે છે તેથી આ દબાણો સત્વરે દૂર કરવા જોઈએ. રોડ નજીકની હોસ્પિટલ્સના મુલાકાતીઓના વાહનો રોડ પર જ પાર્ક થાય છે તેની સામે મ્યુનિસિપલ કોર્પોરેશને પગલાં લેવા જોઈએ.''

- હિતેષ બી. રાવલ


●●●



''ટ્રાફિકની સમસ્યા નિવારવા નિયમોનું ચુસ્તપણે અમલ થાય તે આવશ્યક છે. વાહનચાલકોએ પણ શક્ય હોય તેટલો વાહનનો ઓછો ઉપયોગ અથવા જ્યાં નાના વાહનથી ચાલી શકે તેમ હોય તો તે મુજબ ઉપયોગ કરવો જોઈએ. પબ્લિક ટ્રાન્સપોર્ટ સર્વિસમાં વધારો કરવા સાથે શહેરી વિસ્તારમાં હાઈરાઈઝ પાર્કિંગ ઝોન વિકસાવવાથી ટ્રાફિકની સમસ્યા હળવી કરી શકાશે. આ સાથે જાગૃતિ કાર્યક્રમો પણ યોજવા એટલું જ જરૂરી છે.''

- સુનીલ બી. પટેલ

●●●



''પાર્કિંગ માટે જાહેર રસ્તા પરની વધારાની જગ્યાનો ઉપયોગ કરવા સાથે વાહનચાલકોને પાર્કિંગનું યોગ્ય માર્ગદર્શન પુરૂ પાડવું જોઈએ. ટ્રાફિક અંગે જનજાગૃતિ કાર્યક્રમો વધારવા સાથે કાયદાનો યોગ્ય અને સખત ઉપયોગ કરવો જોઈએ. પુરતી પાર્કિંગ વ્યવસ્થા વગર નવા બાંધકામને મંજૂરી આપવી ના જોઈએ તેમજ શહેરમાંથી દબાણો દૂર કરવા આવશ્યક છે. આગામી ૫૦ વર્ષને ધ્યાનમાં રાખીને પાર્કિંગ વ્યવસ્થામાં સંશોધન કરી તેનો અમલ કરવા અલગ તંત્ર રચવુ જોઈએ.''

- જયપાલસિંહ ઝાલા

●●●



''સમસ્યાના મૂળ સમા એક્ઝિબીશન સેન્ટરને શહેરની બહાર લઈ જવુ જોઈએ. આ ઉપરાંત શહેરના મનોરંજન, માર્કેટ જેવા વિસ્તારોમાં દસ ગણી પાર્કિંગ સુવિધા વિકાવવી જોઈએ. કોમર્શિયલ તથા સરકારી ઈમારતોને બેઝમેન્ટમાં પાર્કિંગ લૉટ ફરજિયાત હોવુ જોઈએ. ટ્રાફિકના નિયમોનો ભંગ કરતા વાહનચાલકોને આકરો દંડ કરવો જોઈએ તેમજ તેમનામાં સ્વયંશિસ્ત વધે તેવા પ્રયત્નો કરવા જોઈએ.''

- યુવરાજસિંહ રાણા

●●●



''પ્રજાએ હવે ટ્રાફિક બાબતે જાગૃતતા કેળવવી જરૂરી બન્યું છે. શહેરમાં બાંધકામોમાં ફરજિયાત પૂરતી પાર્કિંગ વ્યવસ્થા હોઈ જોઈએ. સરકારે પરિવહન સુવિધામાં વધારો કરવા સાથે જરૂર જણાય ત્યાં વિના મૂલ્યે અથવા રાહતદરે સુવિધા પુરી પાડવી જોઈએ. શહેરી વિસ્તારોમાં હવે મલ્ટીલેવલ પાર્કિંગ વ્યવસ્થા ઉભા કરવી જરૂરી બનતુ જાય છે.''

- બળદેવ એસ. દેસાઈ

●●●



''ટ્રાફિક સમસ્યાનું નિવારણ સ્વયંશિસ્ત વગર નથી. આ સાથે સરકારે હવે જેમ પાણી વેરો, ગટરવેરો વગેરે ઉઘરાવાય છે તે જ રીતે 'ટ્રાન્સપોર્ટેશન કર' પણ ઉઘરાવવો જોઈએ અને તેના બદલામાં શહેરના આંતરિક માર્ગો સુધી વિના મૂલ્યે બસ સેવા પુરી પાડવી જોઈએ જે ટૂંકા સમયાંતરે સતત મળતી રહે તેવી હોવી જોઈએ. નાગરિકોએ 'વ્હિકલ-શેરીંગ' પ્રથા પણ અપનાવવી આ તબક્કે જરૂરી બનતી જાય છે.''

- વિવેક બ્રહ્મભટ્ટ

# સેમેસ્ટર સિસ્ટમ હટાવવા હવે પોસ્ટ કાર્ડ ઝૂંબેશ શરૂ

ગાંધીનગર,તા.૧૦

DSO દ્વારા કમિટીના સભ્યોને આવેદનપત્ર આપવામાં આવશે અને શિક્ષણમંત્રી તથા મુખ્યમંત્રીને પણ રજૂઆત કરાશે.

રાજ્ય સરકાર દ્વારા સેમેસ્ટર સિસ્ટમમાં આઠ વર્ષે પુનઃ વિચારણા કરવાનું નક્કી કર્યુ છે અને તેને લઈને એક કમિટીની રચના કરી છે. આ કમિટી સેમેસ્ટર સિસ્ટમ અંગે મંતવ્યો મેળવી રાજ્ય સરકારને સુપરત કરશે. જેથી હવે ઓલ ઈન્ડિયા ડેમોક્રેટીક સ્ટુડન્ટ્સ ઓર્ગેનાઈઝેશન (DSO) કે જે શરૂઆતથી જ સેમેસ્ટર સિસ્ટમ હટાવવા માટે કામ કરી રહ્યું છે તે પોસ્ટ કાર્ડ ઝુંબેશ શરૂ કરશે અને સેમેસ્ટર સિસ્ટમ દુર કરવા માટે પોસ્ટ કાર્ડ લખી પોતાની રજૂઆત કરશે. આ ઉપરાંત DSO દ્વારા કમિટીના સભ્ય એવા કુલપતિઓને આવેદનપત્ર આપવાનું પણ નક્કી કરાયું છે.

રાજ્યમાં ૨૦૧૧માં હાયર એજ્યુકેશનમાં સેમેસ્ટર સિસ્ટમ દાખલ કરવામાં આવી હતી. જોકે, રાજ્યમાં સેમેસ્ટર સિસ્ટમ દાખલ કરવામાં ન આવે તે માટે સિસ્ટમ દાખલ થઈ તે પહેલાથી જ DSO દ્વારા તેનો વિરોધ કરવામાં આવી રહ્યો હતો. જોકે, હવે આ સિસ્ટમ લાગુ થયાને આઠ વર્ષ જેટલો સમય થઈ ચુક્યો છે ત્યારે સિસ્ટમ સામે ઉભા થતા સવાલોને લઈને રાજ્ય સરકાર દ્વારા સિસ્ટમના પુનઃ વિચાર માટે એક કમિટીની રચના કરી છે. જેમાં રાજ્યની ત્રણ યુનિવર્સિટીઓના કુલપતિઓની નિમણુંક કરાઈ છે. આ કમિટી દ્વારા સેમેસ્ટર સિસ્ટમ અંગે મંતવ્યો મેળવીને સરકારને મોકલશે.

# દંતાલી ગામે જમીનના મામલે ફાયરીંગ, હુમલાખોરો નાસ્યા

કલોલ,તા.૧૦

કલોલ તાલુકાનાં દંતાલી ગામે શુક્રવારે રાત્રે એક નિવૃત્ત આઈપીએસ અધિકારીના પુત્રએ પોતાની પર થયેલ હુમલામાં સ્વ બચાવ અર્થે હવામાં ફાયરીંગ કરતાં હુમલાખોર ભાગી છૂટયાં હતાં. આ બનાવને પગલે સમગ્ર પંથકમાં સનસનાટી મચી જવા પામી હતી. જયારે બીજી તરફ ફાયરીંગની જાણ થતાં સાંતેજ પોલીસનો કાફલો ઘટના સ્થળે ઉમટી પડયો હતો.

આ સંદર્ભે મળતી માહિતી અનુસાર કલોલ તાલુકાનાં દંતાલી ગામે કેનાલ તરફ એક નિવૃત્ત આઈપીએસ અધિકારીનું ગુરુદયાલસિંગનું ફામે (તબેલો ) આવેલ છે. તેના ફામેની નજીકમાં બળદેવ દેસાઈ તથા લાલજી દેસાઈનું પણ ફામે આવેલ છે. આ બંને વચ્ચે છેલ્લાં ઘણાં સમયથી જમીન બાબતે તકરાર ચાલુ છે. અંતરંગસૂત્રોના જણાવ્યા મુજબ તેઓ વચ્ચે સમાધાન પણ થઈ ગયું હતું. આમછતાં આંતરીક વિખવાદ શમ્યો ન હતો. એવામાં શુક્રવારે મોડી સાંજે સંબંધિત નિવૃત્ત અધિકારીનો પુત્ર અમદાવાદ ગોયલ ઈન્ટરસીટી વસ્ત્રાપુર ખાતે રહેતો અમનદીપ ગુરૂદયાલસિંગ વડાલીયા પોતાની કાર લઈ પોતાના ફામે પર આવી રહ્યો હતો. ત્યારે કેટલાક ગોપાલક ઈસમોએ રસ્તા વચ્ચે ગાડીઓની આડશ મૂકી તેની ગાડી અટકાવી જીવલેણ હુમલો કર્યો હતો. હુમલાખોર ઈસમોએ આક્રોશમાં ગાડી પર લાકડીથી પ્રહાર કરી કાચ તોડી નાંખ્યાં હતાં. એકાએક થયેલ આ હુમલાથી ભયભીત અમનદીપ ગાડીમાં જ બેસી રહ્યો હતો. પરંતુ મામલો પોતાના જીવ પર આવી જતાં આ શખ્સે આખરે ગાડીમાંથી બહાર નીકળી પોતાની પાસે રહેલ રીવોલ્વરથી સ્વ બચાવ અર્થે હવામાં ફાયરીંગ કયુ હતું.

હવામાં ફાયરીંગ થતાં જ હુમલાખોરો ત્યાંથી ભાગી છુટયાં હતાં. બીજીતરફ નાનકડા દંતાલી ગામમાં ફાયરીંગની આ ઘટનાને પગલે સનસનાટી મચી જવા પામી હતી. આ ઘટનાની જાણ થતાં જ સાંતેજ પોલીસ સહીતનો કાફલો ઘટના સ્થળે દોડી આવ્યો હતો. આ બનાવને લઈ સમગ્ર પંથકમાં ચકચાર મચી જવા પામી છે. શુક્રવારે રાત્રે ફરી વધુ એક ફાયરીંગની ઘટનાએ પોલીસતંત્રને દોડતું કરી મૂકયું હતું. સાંતેજ પોલીસે અમનદીપ વડાલીયાની ફરીયાદ અન્વયે સોમાભાઈ રબારીના પુત્ર કિરણ તથા બળદેવ મફાભાઈ રબારીના પુત્ર લાલા અને તેઓની સાથે રહેલ અન્ય પાંચ ઈસમો સામે રાયોટીંગનો ગુનો નોંધી ઘનિષ્ઠ તપાસ હાથ ધરી છે.



## રોલબોલ કપમાં ગાંધીનગર ઝળક્યું

તાજેતરમાં સુરત ખાતે યોજાયેલા ગુજરાત રોલબોલ કપમાં ગાંધીનગરના મમતા સ્પોર્ટસ એકેડેમીના ખેલાડીઓએ ઉત્કૃષ્ટ પ્રદર્શન કર્યું છે. આ સ્પર્ધાની અન્ડર-૧૧ ગર્લ્સ કેટેગરીમાં હિર ઠાકુર અને વિશ્વાએ પ્રથમ ક્રમાંક પ્રાપ્ત કર્યો છે. અન્ડર-૧૧ બૉયઝ કેટેગરીમાં દરસીંહ ટોપરાની અને પર્વ મહેતા દ્વિતિય ક્રમાંક તથા મેઘ રાવલ, જીલ અને ક્રિષ્ણાએ તૃતીય ક્રમાંક પ્રાપ્ત કર્યો છે. મમતા સ્પોર્ટસના આચાર્યા દિનાબેન ડોડિયા તથા કોચ વસીમ મનસુરીએ ખેલાડીઓને અભિનંદન પાઠવ્યા હતા.

# શહેરમાં પ્લાસ્ટ ઈન્ડીયાનો ધમધમાટ

ગાંધીનગર, તા.૧૦

ગાંધીનગર શહેરમાં મોટાભાગે સરકારી કચેરીઓ આવેલી હોવાથી રજાના દિવસે શહેર સુમસામ બની જાય છે. શહેરના માર્ગો તેમજ સેકટરના આંતરીક માર્ગો પર સહિત બજારમાં પણ તેની અસર જોવા મળતી હોય છે. પરંતુ શહેરના સેકટર-૧૭ માં નેશનલ કક્ષાના પ્લાસ્ટ ઈન્ડિયાના એકઝીબેશન સેન્ટરને પગલે ધમધમાટ જોવા મળી રહ્યો છે. રોજના લાખો મુલાકાતીઓ પ્લાસ્ટ ઈન્ડિયાની મુલાકાતે આવે છે. શહેરમાં હાલના સંજોગોમાં ટ્રાફિકનો પ્રશ્ન માથાના દુખાવા સામાન બની જવા પામ્યો છે.




રજાના માહોલ હોવા છતા આજે શહેરમાં પ્લાસ્ટ ઈન્ડીયાને અનુલક્ષી શહેરનો રાજમાર્ગ ઘ અને ચ તેમજ ઘ-૫ થી ચ-૫ તરફનો વિસ્તારમાં માનવ મહેરામણ ઉમટ્યુ હોય તેવો માહોલ સર્જાય છે. પ્લાસ્ટ ઈન્ડીયાને કારણે શહેરમાં અનોખું વાતાવરણ સર્જાયું છે. રીક્ષા, ટેક્ષી, તેમજ હોટલ, ગેસ્ટ હાઉસ, સહિત નાના વેપારીઓને જાણે કે કમાણીના દિવસો આવ્યા છે. સવારથી સાંજ સુધી આ વિસ્તારમાં ધમધમતો હોય છે. સામાન્ય દિવસોમાં રજા હોવાથી શહેર શાંત હોય છે પરંતુ આજે રજા હોવા છતા ધમધમાટ જોવા મળ્યો હતો.

# કોંગ્રેસની ધારાસભ્યોની તાલિમ શિબિરમાં અડધો-અડધ મહાનુભાવો ગેરહાજર

ગાંધીનગર,તા.૧૦

વિધાનસભામાં ભાજપને ઘેરવા કોંગ્રેસે ધારાસભ્યોને તાલિમ આપવાનું શરૂ કર્યુ છે. જોકે કોંગ્રેસની તાલીમ શિબિરનો ફિયાસ્કો થયો છે.

અડધાથી વધુ ધારાસભ્યોની ગેરહજારી આંખે ઉડીને વળગી હતી. ૭૭ માંથી ૩૫ જેટલા ધારાસભ્યો કોંગ્રેસની તાલીમ શિબિરમાં પહોંચ્યા હતા. પ્રદેશ પ્રમુખ ભરતસિંહ સોલંકી પણ ગેરહાજર જોવા મળ્યા હતા. ધારાસભ્યોની ગેરહાજરીથી પાર્ટી સંગઠન અને ધારાસભ્ય દળ વચ્ચે સંકળનનો અભાવ હોવાની ચર્ચાઓ ઉઠી હતી. દહેગામ-કપડવંજ રોડ ખાતે નંદનબાગ વાત્રિકા ખાતે કોંગ્રેસની 'સંસદિય પ્રશિક્ષણ શિબિર' યોજાઈ છે. ધારાસભ્યોને વિધાનસભામાં પ્રશ્નો કઈ રીતે ઉઠાવવા ? દલીલમાં સક્રિય કરવા માટે તૈયાર કરવાનો કોંગ્રેસનો ઉદેશ્ય છે.



ગાંધીનગર મહાનગર પાલિકાના પૂર્વ ડેપ્યુટી મેયર અને કોર્પોરેટર કાર્તિકભાઈ પટેલ દ્વારા સિવિલની હોસ્પિટલની મુલાકાત લીધી હતી. જેમાં સિવિલના ડાયાલિસીસ, ઈ.એન.ટી., આઈ.સી.યુ, સહિત વિવિધ વોર્ડની મુલાકાત લઈને દર્દીઓને ખબર અંતર પુછીને જે તે વિભાગના અધિકારીઓ સાથે દર્દીઓને મળતી આરોગ્યલક્ષી સેવા અંગે ચર્ચા વિચારણા કરી હતી અને જરુરી સુચન કર્યા હતા. આ પ્રસંગે પૂર્વ મેયર કાર્તિકભાઈ પટેલની સાથે સિવિલના ડે.આર.એમ.ઓ. ડો. કલ્પેશ જશપરા, એએનએસ ઈવાબેન, એસઆઈ ભરતભાઈ બારોટ,રાજદીપના સુપરવાઈઝર, સિક્યુરીટી સુપરવાઈઝર તેમજ અન્ય સ્ટાફના કર્મચારીઓ મુલાકાત દરમિયન હાજર રહ્યા હતા.

# પંજાબ-હ્યુન્ડાઈ શૉ રૂમ ખાતે 'એલીટ આઈ-૨૦'નું લોન્ચિગ યોજાયું

ગાંધીનગર, તા. ૧૦

ગાંધીનગરના સેક્ટર-૨૮ ખાતે આજે પંજાબ હ્યુન્ડાઈના શૉ-




રૂમ ખાતે 'એલીટ-આઈ-૨૦' કારનું લોન્ચિંગ કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે મુખ્ય મહેમાન પદે ટીચર્સ એસોસિએશનના પૂર્વ પ્રમુખ વાસુભાઈ રાવલ તથા ટીચર્સ ક્રેડિટ સોસાયટી કલોલના અલ્પેશભાઈ રાવલ ઉપસ્થિત રહ્યાં હતા. આ ઉપરાંત આ પ્રસંગે પંજાબ હ્યુન્ડાઈના બીઝનેસ હેડ ધર્મેશ શાહ, જનરલ મેનેજર અખિલેશ સીંઘ અને વર્કસ મેનેજર જયેશ પટેલ પણ ઉપસ્થિત રહ્યા હતા.

હ્યુન્ડાઈ દ્વારા લૉન્ચ કરવામાં આવેલી નવી એલીટ આઈ-૨૦ કાર તેના પાંચ મજબૂત પાસા ધરાવે છે જેમાં તેની બોલ્ડ અને પ્રિમિયમ સ્ટાઈલ, હાઈ-ટેક અને સુગમતાભર્યા ફિચર્સ, કોઈ પણ સમાધાન વગરની સલામતી, એડવાન્સ્ડ ડાયનેમિક્સ અને સંપૂર્ણ માનસિક શાંતિ બક્ષતી ડિઝાઈનનો સમાવેશ થાય છે. આ સાથે ૩ વર્ષમાં એક લાખ કિલોમીટરની વૉરંટી આપવામાં આવી રહી છે. એલીટ-આઈ-૨૦ કારનું લોન્ચિંગની સેક્ટર-૨૮માં પંજાબ હ્યુન્ડાઈ ખાતે કેક કાપી ઉજવણી કરવામાં આવી હતી.

# આગામી શૈક્ષણિક વર્ષથી ગુજરાતી વિષય ફરજિયાત બનાવાશે : રૂપાણી

ગાંધીનગર,તા.૧૦

CBSE સહિતના વિવિધ બોર્ડ્સ સાથે સંલગ્ન રાજ્યની શાળાઓમાં ગુજરાતી વિષય ફરજિયાત કરવા અંગેનો રાજ્ય સરકાર પ્લાન બનાવી રહી છે. એકેડમિક વર્ષ ૨૦૧૮માં ધોરણ આઠ સુધી ગુજરાતી વિષય ફરજિયાત કરવામાં આવશે. ગાંધીનગરમાં યોજાયેલ 'ચિંતન શિબિર'માં વાત કરતી સમયે મુખ્યપ્રધાન વિજય રૂપાણીએ આ અંગે ઈશારો કર્યો હતો. સીએમ વિજય રૂપાણીએ કહ્યું હતું કે, 'માતૃભાષાનું મહત્વ વધારવા માટે શૈક્ષણિક વર્ષ ૨૦૧૮થી ધોરણ ૮ સુધી ગુજરાતી વિષય ફરજિયાત પણ કરી શકાય, પછી ભલેને શાળા CBSE સંલગ્ન હોય, CBSE હોય કે પછી અન્ય કોઈ બોર્ડ સાથે સંલગ્ન કેમ ના હોય.

અગાઉ અમદાવાદમાં યોજાયેલા એક કાર્યક્રમમાં સીએમ રૂપાણીએ ગુજરાતીમાં નપાસ થતા બાળકોનો આંકડો અને ગુજરાતી વિષયને પસંદ ન કરતા વિદ્યાર્થીઓના આંકડા પર ચિંતા વ્યક્ત કરી હતી.રાજ્ય શિક્ષણ મંત્રી ભૂપેન્દ્રસિંહ ચૂડાસમાએ કહ્યું કે, 'ગુજરાતી ભાષાના ભવિષ્ય અંગે મુખ્યમંત્રીની ચિંતાને ધ્યાનમાં રાખી અમે એક્સપર્ટ કમિટિ બનાવી છે. દરેક બોર્ડના તમામ ધોરણોમાં ગુજરાતી ફરજિયાત કરવામાં આવે તે અંગે સરકાર વિચારણા કરી રહી છે.'ઉપરાંત સીએમ રૂપાણીએ પ્રાથમિક અને માધ્યમિક શિક્ષણની ગુણવત્તા વધારવા પર ભાર મૂક્યો. વધુ ઉમેર્યું કે સ્રોતનો યોગ્ય ઉપયોગ, ફંડની ફાળવણી કરી પ્રાઈવેટ સ્કૂલ અને એસએફઆઈમાં મળતું શિક્ષણ સરકારી શાળામાં પણ મળે તે નિર્ધારિત કરીશું.

**જોઈએ છે**

ફુડ ડીલીવરી બોય, પાર્ટ ટાઈમ, ફુલ ટાઈમ
અમદાવાદ - ગાંધીનગર માટે
પગાર : ૭૦૦૦ થી ૨૫૦૦૦
એ-૩૩૨/૪૩૪, ચોથો માળ, સુપર મોલ-૧, ઈન્ફોસિટી, ગાંધીનગર
**સ્મીત ગોહિલ**
**૯૬૩૮૫૦૪૭૨૫**